# અરવલ્લીમાં અસમાજિક તત્વો સાથે ધરોબો ધરાવતાં ૫ પોલિસકર્મી જિલ્લા બહાર ફેંકાયા..!

## પોલિસ બેડામાં સન્નાટો, ગાંધીનગરથી જ બદલીના આદેશ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

અરવલ્લી જિલ્લામાં અનેક પોલિસકર્મીઓ બુટલેગરો અને જમીન માફીઆઓ સાથે ધરોબો ધરાવતાં હતા. જેના કારણે પોલિસની છબી ખરડાયેલી છે. અરવલ્લીમાં અસામાજિક તત્વો સાથે ધરોબો ધરાવતાં ૫ પોલિસકર્મીઓની રાજ્યના ડી.જી. દ્વારા જિલ્લા બહાર બદલી કરાતાં પોલિસ બેડામાં સન્નાટો મચ્યો છે. જ્યારે એસ.ઓ.જી. , એલ.સી.બી. તેમજ મોડાસા ટાઉન, શામળાજી અને બાયડ પોલિસ સ્ટેશનમાં વહિવટદાર બનીને બેઠેલા પોલિસકર્મીઓની પણ જિલ્લા બહાર બદલી થાય તેવી પ્રજા અપેક્ષા રાખે છે.

વતનના જિલ્લામાં ફરજ બજાવતાં અનેક પોલિસકર્મીઓને માનવતાવાદી અભિગમ દાખવી પોલિસ પ્રજાનો મિત્ર છે તે સૂત્રને સાર્થક કર્યું છે. પરંતુ જુજ પોલિસકર્મીઓએ નોકરીની ફરજ દરમિયાન ગ્રહણ કરેલા શપથનું ઉલ્લઘંન કરી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવવાને બદલે બુટલેગરો અને જમીન માફીયાઓ સાથે ભળી જઈ લાખો રૂપિયાની સંપતિમાં આળોટતાં થઈ ગયા છે. અરવલ્લી જિલ્લામાં કેટલાંક પોલિસકર્મીઓની દારૂની લાઈનોમાં વહિવટ, બુટલેગરો સાથે સંપર્ક તેમજ લેન્ડ માફિયાઓને અંદરખાને મદદ જેવા ગંભીર આક્ષેપ સાથે તપાસ દરમિયાન કથિત સંડોવણી જોવા મળી. અગાઉના પોલિસ વડા દ્વારા ગાંધીનગર કક્ષાએ થયેલા ગુપ્ત રિપોર્ટમાં કેટલાંક પોલિસકર્મીઓ અસમાજિક તત્વો સાથે ધરોબો ધરાવતાં હોવાનું જણાઈ આવ્યું હતું તેનો ઉલ્લેખ કરાયો હતો. ત્યારબાદ ડી.જી. દ્વારા જિલ્લાના ૫ પોલિસકર્મીની જિલ્લા બહાર બદલી કરવામાં આવી છે. જિલ્લા બહાર ધકેલાયેલા જિલ્લાના પોલિસકર્મીઓ અસમાજિક તત્વો સાથે ધરોબો ધરાવતા હતા કે કેમ ? તે ન કહી શકાય પરંતુ તેમની સામે કોઈ ગંભીર ફરીયાદ હોય તો જ આવુ શક્ય બને.

**કયા પોલિસ કર્મીઓની બદલી ?**
વીરભદ્રસિહં પદમસિંહ જેતાવત
વિનોદકુમાર ગંભીરજી પગી
વસીમહુસેન હનીફમહમ્મદ મનસુરી
ઈન્દ્રસિંહ મહેન્દ્રસિંહ જોધ્ધા
સિદ્ધરાજસિંહ કલ્યાણસિંહ ઉદાવત

### પોલિસ ઉપર ભરોસો કેમ કરવો, દારૂના વેપલાનો વિડીયો પોલિસને બતાવ્યો અને બુટલેગરને જાણ..!

બાયડ : બાયડ પોલિસ ઉપર પ્રજાને ભરોસો નથી. એક દિવસ અગાઉ બાયડમાં બુટલેગર દારૂનો વેપલો કરતો હોવાનો વિડીયો બાયડ પોલિસને બતાવમાં આવ્યો અને તુરંત બાયડના ભ્રષ્ટ પોલિસકર્મીએ બુટલેગરને જાણ કરી અને પછી દંગલ મચી ગયું જેમાં મહિલાનું માથું ફોડી નાખવાની ઘટના સામે આવી છે. રાજ્યના ડી.જી. દ્વારા આ મામલાની તપાસ કરી તેમાં સંડોવાયેલા હોય તેવા બાયડ પોલિસ સ્ટેશનના અધિકારી અને કર્મચારીઓની તત્કાલિક બદલી કરવામાં આવે તેવી માંગ થઈ રહી છે.



## અરવલ્લીમાં રૂા.૪૨ લાખના ખર્ચે ૩ નવા પંચાયત ઘર બનશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

વિકાસ કમિશ્નર ગુજરાત દ્વારા અરવલ્લી જિલ્લામાં ૩ નવા પંચાયત ઘર બનાવવા માટે સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવી છે જેમાં ધનસુરા તાલુકાની આકરૂન્દ, બાયડ તાલુકાની વાંટડા અને માલપુર તાલુકાની હેલોદર ગ્રામ પંચાયતનો સમાવેશ થયો છે. પંચાયતઘર માટે સૈદ્ધાંતિક ગામની વસ્તી પ્રમાણે પંચાયતઘર કમ તલાટી મંત્રી આવાસની નિયત કરેલ યુનિટ કોસ્ટની મહત્તમ મર્યાદામાં ૫૦૦૦થી ઓછી વસ્તી ધરાવતી પંચાયતને રૂા.૧૪ લાખનું અનુદાન આપવાનું થાય છે.

**આકરૂન્દ, વાંટડા, હેલોદરનો સમાવેશ, આકરૂન્દના ઉપસરપંચની રજુઆત રંગ લાવી**

આકરૂન્દ ગ્રામ પંચાયતનો સુવિધાયુક્ત નવું પંચાયત ઘર મળે તે માટે ઉપસરપંચ દિનેશભાઈ એચ. પટેલે રાજ્ય સરકારમાં કરેલી રજુઆત છેવટે રંગ લાવી છે.

જિલ્લાની અનેક ગ્રામ પંચાયતોમાં પંચાયત ઘર ભયગ્રસ્ત બની ગયા છે અને આવી પંચાયતોમાં બેસીને નિર્ભયી બની વહિવટ કરવો મુશ્કેલ હોય છે કારણકે ક્યારે દિવાલનો પોપડો ખરે તે નક્કી નહિ. જિલ્લાની ૨૫ વર્ષ કે તેથી વધુ જુનૂં જર્જરિત અને રિપેરીંગ ન થઈ શકે તેવું મકાન હોય તેવી અને અનય જગ્યાએ બેસતી-ઘર વિહોણી પંચાયતો માટે નવિન પંચાયત ઘર કમ તલાટી મંત્રી આવાસ યોજના અમલી છે જે મુજબ અરવલ્લી જિલ્લાના ત્રણ તાલુકાની મકાન જર્જરિત થયા છે અને માનવ વસતિ પણ ૫૦૦૦થી ઓછી હોવાથી આ ત્રણેય ગ્રામપંચાયતોમાં રૂા.૧૪-૧૪ લાખના ખર્ચે નવા પંચાયત ઘર બાંધવા માટે વિકાસ કમિશ્નર ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા સૈદ્ધાંતિક મંજુરી આપી દેવામાં આવી છે.

## પ્રાંતિજ પોલીસે ૪૦૭ ટેમ્પો ગાડી ચાલક વિરૂધ્ધ ગુનો નોંધ્યો

પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ત્રણરસ્તા પાસેથી ૪૦૭ ટેમ્પો ગાડીનો ચાલક પુરૂ ઝડપે બેદરકારી ગફલતભરી રીતે હંકારી લાવતા પ્રાંતિજ પોલીસે ગુનોનોધી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી.

પ્રાંતિજના ત્રણ રસ્તા પાસે પ્રાંતિજ પોલીસ ટ્રાફિક કામગીરી માં હતી તે દરમ્યાન હિંમતનગર તરફથી એક ટાટા કંપનીનું ૪૦૭ ટેમ્પો ગાડીનો ચાલક પોતાની કબજા નો ટેમ્પો ગાડી પુર ઝડપે ગફલતભરી રીતે હંકારી લઈ આવતા પ્રાંતિજ પોલીસે ઉભો રાખી ટેમ્પો ગાડીના ચાલક ને પુર ઝડપે ટેમ્પો ગાડી ચલાવવા બાબતે પુછતા કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી જેથી ટેમ્પો ગાડી ચાલક મહેન્દ્રભાઈ ગાંડાભાઈ વાધરી ઉ.વર્ષ.૩૭ રહે.મંડાલી (વિહાર) તા. માણસા જી.ગાંધીનગર ટેમ્પો નંબર- GJ09-V-5618 નો ચાલક ફુલફાસ્ટ હંકારીલાવી રાહદારીઓનો જીવ જોખમાય તે રીતે પુરઝડપે ચલાવી લઈ આવતા ચાલક વિરૂધ્ધ આઈપીસી કલમ-૨૭૯ તથા એમ.વી.એકટ કલમ-૧૭૭,૧૮૪ મુજબ કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

## ડીસામાં હોમિયોપેથીક ડીગ્રી છતાં એલોપેથી સારવાર કરતો તબીબ ઝડપાયો

ડીસા, તા.૯

ડીસા શહેરમાંથી હોમિયોપેથિક ડોક્ટર એલોપેથી દવા આપી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતો હોવાનું ખુલવા પામ્યું છે. ગઈકાલે ડીસા ઉત્તર પોલીસ અને આરોગ્યની ટીમે સંયુક્ત કાર્યવાહી કરી ઈસમને ઝડપી પાડ્યો છે. પ્રાથમિક પુછપરછમાં આરોપી પોતે હોમિયોપેથિક ડોક્ટર હોવા છતાં ડોક્ટર હાઉસમાં જાહેરમાં દવાખાનું ખોલી એલોપેથિક દવાઓ વડે તબીબી પ્રેક્ટિસ કરતો હોવાનું ખુલ્યુ છે. સમગ્ર મામલે મેડીકલ ઓફીસરે ઈસમ વિરૂધ્ધ ડીસા ઉત્તર પોલીસ મથકે ગુનો નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



બનાસકાંઠા જીલ્લામાં બોગસ ડોક્ટરો પર પોલીસ અને આરોગ્ય તંત્રની તવાઈ વચ્ચે વધુ એક કાર્યવાહી સામે આવી છે. ગઈકાલે બપોરના સમયે ડીસા ઉત્તર પોલીસ મથકનો સ્ટાફ અને આરોગ્ય તંત્રની ટીમે ચોક્કસ બાતમી આધારે ડોક્ટર હાઉસમાં આવેલ હેત આઈસીયુની બાજુમાં માં સિકોતર હેલ્થ કેર ઈલેક્ટ્રો હોમિયોપેથિકને ત્યાં રેઈડ કરી હતી. જ્યાં ડો. હર્ષદ પ્રજાપતિ પાસે ડીગ્રી માંગતાં તેમણે હોમિયોપેથિક ડોક્ટર હોવાનું પ્રમાણપત્ર રજુ કર્યુ હતુ. જોકે તેઓ હોમિયોપેથિકની સાથે એલોપેથિક દવાઓનું પણ વેચાણ કરતાં હોવાનું ખુલતાં કાર્યવાહી કરવામાં આવી છે.

સૂત્રોએ જણાવ્યું હતુ કે, ડીસામાં હોમિયોપેથિકની ડીગ્રી પર એલોપેથિકની સારવાર કરતાં ડોક્ટરને ઝડપી લેવાયો છે. ગઈકાલે બપોરે કરાયેલા કાર્યવાહીમાં દવાખાનામાંથી અલગ-અલગ દવાઓ અને મેડીકલ સાધનો મળી કુલ કિ.રૂ.૫૨,૧૨૭ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે સમગ્ર મામલે મેડીકલ ઓફીસર ડો.ઈર્શાદ મનસુરીએ ઈસમ વિરૂધ્ધ ડીસા ઉત્તર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. જેથી પોલીસે ઈસમ વિરૂધ્ધ આઈપીસી ૩૩૬ અને ધી ગુજરાત મેડીકલ પ્રેક્ટિશનર એક્ટની કલમ ૩૦, ૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ડીસામાં રોડને નડતરરૂપ વીજ થાંભલો તૂટ્યો : ફરી એજ જગ્યાએ નંખાયો

### વીજ કંપનીના કર્મચારીઓની લાપરવાહીથી લોકોમાં રોષ



ડીસા, તા.૯

ડીસાના લોધાવાસ મેઈન રોડ વચ્ચે નડતર રૂપ વીજ કંપનીના થાંભલાને લઈ અવાર નવાર અકસ્માતો સર્જાય છે.ગત રવિવારના એક વાહનની ટકકરથી વીજ થાંભલો પડી ગયો હતો.જો કે આ તૂટેલા વીજ થાંભલાના સ્થાને વીજ કર્મચારીઓ દ્વારા નવો થાંભલો નાખવામાં આવ્યો છે.પણ વીજ કર્મચારીઓની લાપરવાહીના કારણે આ વીજ થાંભલો ફરી એજ જગ્યાએ રસ્તાને નડતરરૂપ નાખી દેવામાં આવ્યો.છે.અને જે થાંભલો તૂટી ગયો છે.તે પણ ત્યાંથી હટાવવાની જગ્યાએ તૂટેલા થાંભલાનો તાણીયો બાંધવાના ઉપયોગમાં ૨ લેવાય છે.તેથી ઉલટાનું અહીંથી પસાર થતા લોકો માટે તૂટેલો થાંભલો ખતરા સમાન બની ગયો છે. જાગૃત લોકોએ આ બાબતની વીજ કંપનીને જાણ કરી હતી.છતાં લાપરવાહી દાખવાતા આમ પ્રજા સાથે વાહન ચાલકોના જીવ પડીકે બંધાયા છે. જેને લઈ કોઈ અકસ્માત કે જાનહાની સર્જાશે તો જવાબદાર વીજ કમ્પની રહેશે તેવો સ્થાનિક રહીશોએ બળાપો ઠાલવ્યો હતો.

## અરવલ્લીમાં ભરતી થયેલ ગ્રામ રોજગાર સેવકોને ઓર્ડર આપવામાં રંધાતુ હોવાની આશંકા

### ઉમેદવારોને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં બેસાડી રખાતાં આશ્ચર્ય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

અરવલ્લી જિલ્લામાં તાલુકા દીઠ ગ્રામ રોજગાર સેવક અને આસિસ્ટન્ટ પ્રોગ્રામ ઓફિસરની ભરતી થયા પછી ઉમેદવારોને ઓર્ડર ન આપી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં ૫ દિવસથી બેસાડી રાખવામાં આવતા ભરતીમાં કંઈક રંધાતુ હોવાની આશંકા છે. ભરતીમાં ઉત્તિર્ણ થયેલા ઉમેદવારોને ઓર્ડર આપવામાં કયા કારણસર વિલંબ થઈ રહ્યો છે તેની તપાસ થાય તો અનેક રહસ્યો બહાર આવી શકે છે. ગ્રામ રોજગાર સેવકોની સાથે મનરેગા યોજનાના આસિસ્ટન્ટ પ્રોગ્રામ ઓફિસરોને પણ નિયત જગ્યાના ઓર્ડર ન અપાતાં આ મુદ્દે ઉચ્ચ કક્ષાએ ફરીયાદ થવાના ભણકારા છે.

નવરચિત અરવલ્લી જિલ્લામાં લાભાર્થીઓને આવાસ યોજના તેમજ શ્રમજીવીઓને મનરેગા યોજનાનો લાભ આપવાના હેતુસર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી કાર્યરત થઈ ત્યારથી કોઈને કોઈ બહાને ચર્ચામાં રહી છે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં અનેક ગેરરીતિઓને ફરીયાદો ઉઠવાની સાથે-સાથે તાલુકા ગ્રામ વિકાસ શાખાઓમાં ભ્રષ્ટાચાર આચાર્યો હોવાની વિગતો બહાર આવી હતી પરંતુ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક અને મળતિયાઓ દ્વારા ફરીયાદોનું ગળું દબાવી દીધું છે ત્યાં હવે ગ્રામ વિકાસ શાખામાં ગ્રામ રોજગાર સેવક અને મનરેગાના આસિસ્ટન્ટ પ્રોગ્રામ ઓફિસરોની તાજેતરમાં ભરતી કરવામાં આવતાં ૧૨ થી પણ વધુ ઉમેદવારો હરખાઈ ગયા હતા અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ઓર્ડર આપી નિયત જગ્યાએ ફરજ સોંપવામાં આવશે તેવું માની બેઠા પરંતુ આશ્ચર્ય વચ્ચે ભરતી પછી કેટલાંક ઉમેદવારોને જિલ્લાની શાખામાં સવારથી સાંજ સુધી બેસાડી રાખવામાં આવતા જગ્યા ફાળવવામાં વ્હાલદાવલાંની નીતિ અપનાવાય તેવું લાગી રહ્યું છે. સરકારી યોજનાઓને લાભાર્થીઓ સુધી લાભ પહોંચે અને યોજનાકીય કામો ઉપર દેખરેખ રાખી શકાય તે માટે ઉમેદવારોની ભરતીતો કરવામાં આવી પરંતુ હવે નિમણુંક ઓર્ડર વિલંબમાં પડતાં ખુદ ભરતી થયેલ ઉમેદવારો પણ મૂંઝવણમાં મુકાયા છે.

### બાયડ તાલુકા એ.પી.ઓ.ની ભરતીમાં ખીસાં ભર્યાની ચર્ચા

બાયડ : અરવલ્લી જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સીમાં મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે. જિલ્લામાં તાલુકા દીઠ ગ્રામ રોજગાર સેવક અને મનરેગાના એ.પી.ઓ.ની ભરતી થયા પછી કેટલાંક ઉમેદવારોને ઓર્ડર આપવામાં આવ્યા ન હોવાની ફરીયાદ વચ્ચે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ભ્રષ્ટ અધિકારીઓએ બાયડ તાલુકા પંચાયત ગ્રામ વિકાસ શાખામાં એ.પી.ઓ.ની પોસ્ટ ભરવામાં ખીસાં ભર્યા હોવાની ગંભીર ફરીયાદ ઉઠી છે.

## વિજયનગર પોલીસે રાણી બોર્ડરે આઈસર ટ્રકમાથી ૭.૯૬ લાખના દારૂ સાથે એકને પકડ્યો

ઈડર તા.૯

ગાંધીનગર વિભાગના પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમા ગાંધીનગર તથા સાબરકાંઠા જીલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુર્જરે પરપ્રાંતીય રાજ્યમાંથી ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર રીતે દારૂની હેરાફેરી કરતા ઈસમો વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સુચના કરેલ છ. જે



આધારે ઈડર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક ડી.એમ.ચૌહાણ તથા ખેડબ્રહ્મા સી.પી.આઈ ના માર્ગદર્શન હેઠળ વિજયનગર પોલીસ સ્ટેશનના પો.સ.ઈ. જે.જે.ચાવડા પોલીસ સ્ટાફ સાથે પેટ્રોલિંગમા હતા દરમ્યાન બાતમી મળેલ કે હરિયાણાથી એક લાલ કલરની આઈસર ગાડી નં હ્રન-૧ ન્ઈ- ૯૫૩૧ ની પાછળના ભાગે ગુપ્ત ખાનુ બનાવી તેની અંદર વિદેશી દારૂ ભરી ખેરવાડા થઈ ઈડર તરફ આવેછે જે બાતમી આધારે પોલીસે રાણી રાજસ્થાન બોર્ડર પર નાકાબંધી કરેલ ઉપરોક્ત બાતમીવાળી ગાડી આવતા તે ગાડીને રોકી આઈસર ગાડીની તલાસી લેતા ગાડીમાથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની કુલ બોટલો નંગ- ૧૨૪૮ જેની કિ.રૂ. ૭,૯૬,૮૦૦ તથા મોબાઈલ કિ.રૂ. ૫ હજાર તથા ગાડી ની કિ.રૂ. ૫ લાખ મળી કુલ કિ.રૂ. ૧૩,૦૧,૮૦૦ નો મુદ્દામાલ સાથે આરોપી સહદેવ જી/ઠ રામનિવાસ કપતાનસિઘ જાટ રહે. આસૌદા પોસ્ટ ટોડરાણ, તા બહાદુરગઢ, જી- ઝજ્જર હરિયાણાને દારૂ ના મુદ્દામાલ સાથે પકડી આરોપી વિરુદ્ધ પ્રોહીબિશિન એક્ટ કલમ મુજબ કેસ નોધી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

## કોલેજોના અચ્છે દિન : ઉત્તર ગુજરાતની આર્ટસ, કોમર્સ, સાયન્સ, ઈજનેરી, ફાર્મસી કોલેજને છાત્રો મળશે

### છેલ્લા ૫ વર્ષથી ડચકા ખાતી કોલેજોને માસ પ્રમોશનથી જીવતદાન મળ્યું..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

ધો.૧૨ બોર્ડ પરીક્ષાનું પરિણામ નબળું આવે એટલે આર્ટસ, કોમર્સ, સાયન્સ, ઈજનેરી અને ફાર્મસી કોલેજમાં સીટો ભરવી સંચાલકો માટે મુશ્કેલ બની હતી. ખાસ કરીને ખાનગી કોલેજ સંચાલકો છેલ્લા ૫-૬ વર્ષથી ઓછી વિદ્યાર્થી સંખ્યાના કારણે પાયમાલ થઈ રહ્યા હતા પરંતુ રાજ્ય સરકાર દ્વારા ધો.૧૦-૧૨ બોર્ડ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને માસ પ્રમોશન અપાતાં ખાનગી કોલેજોને ૧ વર્ષ માટે જીવતદાન મળ્યું છે જે આગામી ૩ થી ૫ વર્ષ સુધી સંજીવનીરૂપ બની શકે છે.

ગુજરાતની સ્થાપનાના ઈતિહાસમાં પ્રથમવાર ધો.૧૦ અને ૧૨ ના રેગ્યુલર તમામ વિદ્યાર્થીઓ પાસ થયાનો ઈતિહાસ રચાયો છે. અંદાજીત રાજ્યના ૧૭ લાખથી વધુ વિદ્યાર્થીઓ શિક્ષણ વિભાગના માસ પ્રમોશનના નિર્ણયથી ઉપલા વર્ગમાં પ્રવેશ મેળવ્યો છે. જેના કારણે ધો.૧૧ તેમજ કોલેજના પ્રવેશમાં મોટાપાયે અંધાધૂંધીની દહેશત ઉભી થઈ છે. પરંતુ માસ પ્રમોશનના કારણે જે ખાનગી કોલેજોના શટર પડવાના હતા તેમને આગામી ૩ થી ૫ વર્ષ સુધી જીવતદાન મળ્યું છે. અગાઉ ઈજનેરી, ફાર્મસી ફેકલ્ટીની માંડ ૪૦ થી ૫૦ ટકા બેઠકો ભરાતી હતી તે હવે સંપૂર્ણ ૧૦૦ ટકા બેઠકો ભરાઈ જશે. ખાનગી આર્ટસ, સાયન્સ, કોમર્સ કોલેજોને પણ પૂરતા પ્રમાણમાં વિદ્યાર્થીઓ મળશે. કેટલાક કિસ્સાઓમાં તો અનેક ખાનગી કોલેજોને વિના વિલંબે વધારાના વર્ગો ખોલવા માટે યુનિ.એ નિર્ણય કરવો પડે તેવી સ્થિતિ માસ પ્રમોશનના કારણે આવી છે. ઉત્તર ગુજરાતમાં સરકારી અને ખાનગી ૧૭૦ થી વધુ કોલેજોને માસ પ્રમોશનના કારણે મહત્તમ ફાયદો થઈ રહ્યો છે.

## પતિ દ્વારા પૈસાની માંગણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરીયાદ

પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના પીલુદા ના હજુરપુરાની દિકરી ને તેના પતિ દ્વારા મારઝૂડ કરી ગાળો બોલી ૫૦ હજાર ની માંગણી કરી ધરે થી કાઢી મુકીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પતિ સામે પોલીસ ફરિયાદ કરી.

પ્રાંતિજના પીલુદા ના હજુરપુરા ની દિકરી સુનિતાબેન ના લગ્ન પાંચ વર્ષ પહેલા જ્ઞાતિ રીતરીવાજ મુજબ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના કુવાદરા ખાતે રહેતા રાકેશજી અમરાજી મકવાણા સાથે લગ્ન થયા હતા અને લગ્ન જીવન દરમિયાન તેને બે દિકરીઓ પણ છે તો તેનો પતિ રાકેશજી અવરનવર ઘર ના કામ કાજ અને વોધા વચકા પાડી મા બહેન સામી ગાળો બોલી મારઝૂડ કરી શારીરિક માનસિક ત્રાસ આપી રૂપિયા ની જરૂર હોય તારા બાપના ધરે થી રૂપિયા ૫૦,૦૦૦ લઈ ને આવ અને તુ મને ગમતી નથી કહીને દહેજ ની માંગણી કરી ને જાન થી મારી નાખવાની ધમકીઓ આપતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા સુનિતાબેન દ્વારા તેના પતિ રાકેશજી અમરાજી મકવાણા સામે પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસ દ્વારા દહેજ પ્રતિબંધક અધિનિયમ તથા આઈપીસીકલમ ૪૯૮ એ , ૩૨૩ , ૬૦૪ , ૫૦૪ (૨) મુજબ પતિ રાકેશજી અમરાજી મકવાણા રહે.કુવાદરા -લોદરા તાલુકો માણસા , જી. ગાંધીનગર વિરૂધ્ધ ગુનોનોધી આગળ ની તપાસ હાથધરી છે .

## આરોગ્ય ક્ષેત્રે ચિંતા : ઉત્તર ગુજરાતમાં નર્સિંગ સ્ટાફે પડતર પ્રશ્નો મુદ્દે સરકાર સામે મોરચો માંડ્યો

### તા.૧૪ જૂનથી હડતાલની ધમકી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

કોરોનાના કપરા કાળમાં સરકારની આબરૂ સાચવનારા સરકારી હોસ્પિટલોના ડોક્ટર, પેરામેડીકલ સ્ટાફ, ફાર્માસીસ્ટ, ટેકનિશીયન વગેરેએને અન્યાય થઈ રહ્યો છે છતાં સરકાર દ્વારા તેમના મોટાભાગના પ્રશ્નોનું સુખદ નિવારણ થતું નથી ત્યારે છેલ્લા દોઢ વર્ષથી પોતાની પડતર માંગ માટે સરકાર સમક્ષ વારંવાર રજૂઆત છતાં નર્સિંગ સ્ટાફના પ્રશ્નોનો ઉકેલ ન આવતાં સરકાર સામે મોરચો માંડવાનો નિર્ણય કર્યો છે. ઉત્તર ગુજરાતની સરકારી હોસ્પિટલોમાં સેવા આપતા નર્સિંગ સ્ટાફ પડતર માંગ મુદ્દે તા.૧૪ જૂનથી રાજ્યના અન્ય કર્મચારીઓ સાથે જ હડતાલ ઉપર જવાની ધમકી આપી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સરકાર સમક્ષ નર્સિંગ એસોસીએશનની અનેક માંગણીઓ પડતર હતી તેની રજૂઆત થઈ અને યોગ્ય ઉકેલ લાવવાની ખાત્રી આપવામાં આવી. પરંતુ આરોગ્ય સચિવ જ્યંતિ રવિની બદલી થયા પછી હવે પડતર પ્રશ્નો ટલ્લે ચઢશે તેવું જણાઈ રહ્યું છે જેથી રાજ્ય સરકારમાં ૪૫ જેટલા નર્સિંગ એસોસીએશનોએ રજૂઆત કરી પડતર માંગનો ઉકેલ લાવવા જણાવ્યું છે અને જો યોગ્ય હલ નહીં થાય તો તા.૧૪ જૂનથી ગુજરાતની તમામ નર્સિંગ હોસ્પિટલો, મેડીકલ કોલેજમાં આંદોલન અને અચોક્કસ મુદતની હડતાલ ઉપર ઉતરવાની ચીમકી આપવામાં આવી છે તેઓએ જણાવ્યું કે છેલ્લા ૧૪ મહિનાથી કોરોના સંક્રમણ છતાં નર્સિંગ સ્ટાફ તેમજ અન્ય સ્ટાફે જીવની પરવા કર્યા વગર કામ કર્યું છે પરંતુ છેલ્લા કેટલાય સમયથી વધારાનું વળતર, સ્ટાઈપેન્ડ, બઢતી અને ખાલી પડેલી જગ્યાઓ ભરવા સહિતની પડતર માંગો અંગે કોઈ ઉકેલ આવ્યો નથી. ટૂંકમાં કોરોનામાં ફ્રન્ટલાઈન વોરિયર્સ તરીકે સન્માનિત થયા હતા તેવા કર્મચારીઓને પોતાની પડતર માંગ મુદ્દે આંદોલનનો માર્ગ અપનાવવો પડે તે બાબત દુઃખદ કહી શકાય.

## જન્મદિને વધામણી



જે. જે. દેસાઈ
(નિવૃત્ત શિક્ષણ નિરીક્ષક, ડી.ઈ.ઓ.કચેરી-હિંમતનગર)
હિંમતનગર, જિ.સાબરકાંઠા



આર. કે. પટેલ
(શિરસ્તેદાર : બાયડ પ્રાંત કચેરી)
મોડાસા, જિ.અરવલ્લી



આશિષ પટેલ
બાયડ, જિ.અરવલ્લી



અદેસિંહ એમ. ચૌહાણ
(એડવોકેટ/નોટરી)
સ્વામિનારાયણ સોસાયટી
બાયડ, જિ.અરવલ્લી



નટવરભાઈ કે. પરમાર
(સારસ્વત હાઈસ્કુલ-બાયડ)
બાયડ, જિ.અરવલ્લી



અલકાબેન નરેશકુમાર પટેલ
(પ્રા. શિક્ષક)
ધનસુરા, જિ.અરવલ્લી



પ્રિસાબેન પારસભાઈ વ્યાસ
ડીસા

## દુઃખદ નિધન

બાયડ (બ્યુરોઓફિસ) તા.૦૯

બાયડ : સાબરકાંઠા જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ હેમલતાબેન પટેલના પતિ પ્રકાશભાઈ કાંતિભાઈ પટેલ(ધનસુરા)નું માર્ગ અકસ્માતમાં દુઃખદ નિધન થયેલ છે.